Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :42• Date : 06-02-2025 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

# મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ભારત નિષ્ફળ રહ્યું, PM એ પ્રયાસ કર્યા પણ નિષ્ફળ રહ્યાં : રાહુલ ગાંધી

એજન્સી દ્વારા

નવીદિલ્હી

રાહુલ ગાંધીએ સંસદમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર કહ્યું કે તેમાં કંઈ જ નવું નહોતું. અમે એવું વિચારી રહ્યા હતા કે ઈન્ડિયા ગઠબંધનની સરકાર હોત તો રાષ્ટ્રપતિનું અભિભાષણ કેવું હોત. રાષ્ટ્રપતિ મુર્મૂના ભાષણમાં બેરોજગારીનો કોઈ ઉલ્લેખ નહોતો. વડાપ્રધાન મોદીએ મેક ઈન ઈન્ડિયાની જે વાત કરી છે તે આઈડિયા સારો છે પણ મોદી સરકાર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે નિષ્ફળ રહી છે. અમે વડાપ્રધાન પર દોષ નથી મઢી રહ્યા, પીએમએ પ્રયાસ કર્યા છે, આઈડિયા સારો હતો પણ તે નિષ્ફળ ગયા.

રાહુલ ગાંધીએ કહ્યું કે મેન્યુફેક્ચરિંગ ૬૦ વર્ષમાં સૌથી નીચા સ્તરે છે. મેક ઈન ઈન્ડિયાનો ઉલ્લેખ કરતા તેમણે ફોન બતાવ્યો અને કહ્યું કે ભલે આપણે કહીએ છીએ કે આ મોબાઈલ ભારતમાં બનેલો છે પણ હકીકત એ છે કે તે ફક્ત અહીં એસેમ્બલ થયો છે. તેના પાર્ટ્સ તો ચીનથી આવ્યા છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે દુનિયા બદલાઈ રહી છે, આપણે પેટ્રોલિયમથી બેટરી અને પરમાણુ ઊર્જા તરફ આગળ વધી રહ્યા છીએ. દરેક વસ્તુ બદલાઈ રહી છે. છેલ્લે જ્યારે ક્રાંતિ થઈ હતી ત્યારે ભારત સરકારે કમ્પ્યુટર ક્રાંતિને ભાળી લીધી હતી અને ફોકસ કર્યું હતું. આજે તેના પરિણામ દેખાઈ રહ્યા છે. લોકો હસતા હતા જ્યારે કમ્પ્યુટર લવાયું હતું.

વાજપેયીનું હું સન્માન કરું છું પણ તે પણ કમ્પ્યુટરની વિરુદ્ધમાં હતા. યુક્રેનમાં યુદ્ધ ચાલી રહ્યું છે છતાં ઈલેક્ટ્રિક મોટર અને એન્જિન ત્યાં બને છે. રોબોટથી લઈને ડ્રોન સુધીનો ઉલ્લેખ કરતાં રાહુલ ગાંધીએ એઆઈ મુદ્દે ચર્ચા કરી. તેમણે કહ્યું આજે બધા એઆઈ વિશે વાત કરે છે. એઆઈ ડેટા દ્વારા ઓપરેટ થાય છે. વગર ડેટાએ એઆઈ કંઈ જ નથી. પણ સવાલ એ છે કે એઆઈ કયો ડેટા વાપરે છે. ભારત પાસે કોઈ ડેટા નથી. તે કાં તો ચીન કે પછી અમેરિકાના ડેટાનો ઉપયોગ કરે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે સરકારને દુનિયામાં થઈ રહેલા પરિવર્તનોની જાણ નથી. આપણે પ્રાથમિક શિક્ષણના લેવલથી જ બેટરી અને એન્જિન વિશે બાળકોને શીખવાડવાનું શરૂ કરવું જોઈએ. આ મામલે ચીન આપણા કરતાં ૧૦ વર્ષ આગળ છે. આપણે તેનાથી ઘણા પાછળ છીએ. આપણી પાસે બચત અને વપરાશનો ડેટા પણ નથી. ચીન પર ભારતીય જમીન પર કબજો કરવાનો આરોપ લગાવતા રાહુલ ગાંધીએ કહ્યું કે પીએમએ તેને નકારી કાઢ્યું પરંતુ સેનાએ કહ્યું કે ચીને ૪,૦૦૦ ચોરસ કિલોમીટર જમીન પર કબજો કર્યો છે. આ અંગે વાંધો વ્યક્ત કરતાં શાસક પક્ષના સાંસદોએ વિરોધ કર્યો અને કહ્યું કે આ એક ગંભીર મુદ્દો છે. રાહુલ ગાંધીએ આવું ન કહેવું જોઈએ, આ દેશ માટે સારું નથી. ડોનાલ્ડ ટ્રમ્પના શપથ સમારોહમાં પીએમ મોદીને આમંત્રણ ન મળવા અંગે ટોણો મારતાં રાહુલ ગાંધીએ કહ્યું કે જો અમે હોત તો અમારા પીએમ માટે આમંત્રણ મેળવવા કોઈને અમેરિકા ન મોકલ્યા હોત. તેના પર તાત્કાલિક કિરણ રિજિજુએ વાંધો દર્શાવ્યો અને કહ્યું કે વિપક્ષના નેતા આ પ્રકારની નિવેદનબાજી ના કરે. મજબૂત પુરાવા રજૂ કરે. તેના પર રાહુલ ગાંધીએ કહ્યું કે જયશંકરને ત્રણ વખત અમેરિકા મોકલવામાં આવ્યા હતા. જો આ પ્રશ્ન તમને ખૂંચતો હોય તો હું માફી માંગુ છું. તમારે ગંભીર રહેવું પડશે.

# સાઉદી અરેબિયા સરકારે ૧૦ પાકિસ્તાની ભિખારીઓને પકડ્યાં

એજન્સી દ્વારા

રિયાધ

ખાડી દેશોમાં ભિખારીઓની પાકિસ્તાનની ટીકા કોઈ નવી વાત નથી. સાઉદી અરેબિયા,યુનાઈટેડ આરબ અમીરાત , કતાર જેવા દેશો પાકિસ્તાની ભિખારીઓથી પરેશાન છે અને દરરોજ પાકિસ્તાનને તેની ફરિયાદ કરી રહ્યા છે. તાજેતરનો મામલો સાઉદી અરેબિયાનો છે જ્યાં ૧૦ પાકિસ્તાની ભિખારી ઝડપાયા છે. આ ભિખારીઓ ઉમરાહ વિઝા પર સાઉદીના પવિત્ર શહેર મક્કા ગયા અને ત્યાં ભીખ માંગવા લાગ્યા.

પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ફેડરલ ઈન્વેસ્ટિગેટિવ એજન્સી (એફઆઈએ) એ રવિવારે એક નિવેદન જારી કરીને કહ્યું કે સાઉદી અરેબિયાએ ઉમરાહ વિઝા પર ભીખ માંગનારા ૧૦ પાકિસ્તાનીઓને પરત મોકલી દીધા છે. આ તમામ ભિખારીઓ કરાચીના જિન્ના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરતાની સાથે જ પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.છેલ્લા કેટલાક વર્ષોમાં સાઉદી અરેબિયાએ વારંવાર પાકિસ્તાન સાથે ભિખારીઓનો મુદ્દો ઉઠાવ્યો છે. નવેમ્બર ૨૦૨૩ માં, પાકિસ્તાનના ગૃહ પ્રધાન મોહસિન નકવીએ કહ્યું હતું કે ભીખ માંગવા માટે હજ અને ઉમરાહ વિઝાનો ઉપયોગ કરી રહેલા પાકિસ્તાનીઓ વિરુદ્ધ દેશભરમાં વ્યાપક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

પાકિસ્તાની પોલીસ દ્વારા અટકાયત કરાયેલા ૧૦ ભિખારીઓ છેલ્લા ઘણા મહિનાઓથી સાઉદી અરેબિયામાં ભીખ માંગી રહ્યા હતા. ભિખારીઓ સામે આગળની કાર્યવાહી માટે તેમને કરાચી એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ સર્કલમાં મોકલવામાં આવ્યા છે.

FIAએ કહ્યું કે તે એરપોર્ટ પર ઈમિગ્રેશન ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી રહી છે. વિદેશ પ્રવાસે જતા મુસાફરોનું કડક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે અને જેઓ ભીખ માંગવા માટે વિદેશ જતા હોવાની આશંકા છે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.સાઉદી અરેબિયામાં ૨૫ લાખ પાકિસ્તાનીઓ રહે છે અને કુલ વિદેશીઓમાં પાકિસ્તાનીઓ બીજા સ્થાને છે. આ વિદેશી પાકિસ્તાનીઓ ત્યાં પૈસા કમાય છે અને તેને દેશમાં પાછા મોકલે છે, જે પાકિસ્તાનના વિદેશી મુદ્રા ભંડારમાં ફાળો આપે છે.

સાઉદી અરેબિયામાં ભીખ માંગવી એ એક અપરાધ છે જેના માટે સજાની સાથે દંડની જોગવાઈ છે. ૨૦૨૧ માં, સાઉદી અરેબિયાએ ભીખ માંગવા પર પ્રતિબંધ મૂકવા માટે એક કડક કાયદો અમલમાં મૂક્યો હતો, જે હેઠળ ભીખ માંગવા અથવા જૂથનું સંચાલન કરવા માટે મહત્તમ એક વર્ષની સજા અને એક લાખ સાઉદી રિયાલ (રૂ. ૨૩ લાખ ૨૩ હજાર ૨૬૧) ના દંડની જોગવાઈ છે. ભિખારીઓકાયદા અનુસાર, જો કોઈ વ્યક્તિ કોઈપણ રીતે ભીખ માંગવાનું પ્રોત્સાહન આપે છે અથવા પૈસા વગેરે આપીને ભિખારીઓની મદદ કરે છે, તો તેને વધુમાં વધુ છ મહિનાની જેલ અને ૫૦ હજાર સાઉદી રિયાલનો દંડ ભરવો પડી શકે છે.કાયદામાં એવી જોગવાઈ છે કે વિદેશી ભિખારીઓને તેમની સજા પૂરી કરીને અને દંડ ભરીને તેમના દેશમાં પાછા મોકલવામાં આવે છે. તે એમ પણ કહે છે કે દોષિત વિદેશી ભિખારીઓ ફરી ક્યારેય કામ કરવા માટે સાઉદી અરેબિયા પાછા ફરી શકશે નહીં.જો કે, વિદેશી ભિખારી જેઓ સાઉદી મહિલા સાથે લગ્ન કરે છે અથવા સાઉદી અરેબિયામાં બાળકો ધરાવે છે તેમને દેશનિકાલમાંથી મુક્તિ આપવામાં આવે છે.

# સ્માર્ટફોન સહિત ઈલેક્ટ્રોનિકસ ચીજવસ્તુની માંગ વધશે : રિપોર્ટ

મુંબઈ

નાણાં પ્રધાન નિર્મલા સીતારામને બજેટમાં આવક વેરા રાહત મર્યાદામાં કરેલા વધારાને કારણે દેશમાં સ્માર્ટફોન્સ, લેપટોપ્સ તથા ટેબ્લેટસ માટેની માંગમાં વધારો થવાની અપેક્ષા છે. રાહતને પરિણામે કરદાતા ખાસ કરીને યુવા કરદાતાની ખરીદશક્તિમાં વધારો થવાની આશા રાખવામાં આવી રહી છે.

રૂપિયા ૧૨.૭૫ લાખ સુધીની આવક ને વેરામાંથી અપાયેલી મુક્તિને પરિણામે કરદાતા ખાસ કરીને યુવા કરદાતાના હાથમાં ખર્ચવા માટે વધુ નાણાં બચશે જે સ્માર્ટફોન્સ, લેપટોપ્સ તથા ટેબ્લેટસ જેવા ઈલેક્ટ્રોનિકસ સાધનો પાછળ વપરાશે તેવો મત વ્યકત કરવામાં આવી રહ્યો છે.

કરદાતાના હાથમાં ખર્ચવા માટે વધુ નાણાં ઉપલબ્ધ બનશે જે ઉપભોગ માગમાં વધારો કરાવશે . સામાન્ય રીતે યુવા વર્ગ ઈલેકટ્રોનિકસ ચીજવસ્તુઓ ખરીદવામાં વધુ રસ ધરાવતો હોય છે, એમ ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેકટ્રોનિકસ એસોસિએશનના એક હોદ્દેદારે જણાવ્યું હતું.રૂપિયા ૧૨ લાખ સુધીની આવકને વેરા મુક્તિ અપાઈ હોવાથી હવેથી આટલી આવક સુધીની કરદાતાને ટીડીએસ કપાશે નહીં જેનો પણ કરદાતાને લાભ થઈ રહેશે, એમ એક વેરા નિષ્ણાતે જણાવ્યું હતું. કરદાતાની ખરીદશક્તિમાં વધારો થશે.

નવી વેરા પદ્ધતિમાં રૂપિયા ૧૨.૭૫ લાખ સુધીની આવકને વેરામાંથી અપાયેલી રાહત મધ્યમ વર્ગને લાભ કરાવશે અને તેમના દ્વારા ઉપભોગ ખર્ચમાં વધારો થશે. આવક વેરામાં રાહતને પગલે કરદાતાના હાથમાં વધુ રૂપિયા એક લાખ કરોડ ઉપલબ્ધ બનશે જે નાણાં વર્ષ ૨૦૨૫માં વ્યક્તિગત આવક વેરાની વસૂલીના અંદાજે ૧૦ટકા જેટલા થવા જાય છે.

તાજેતરના દિવસોમાં ગ્રામ્ય વિસ્તારની સરખામણીએ શહેરી વિસ્તારમાં ઉપભોગ માગ મંદ જોવા મળતી હતી તેમાં હવે વધારો જોવા મળવાની અપેક્ષા છે.

**તંત્રીની કલમે.................**

# જેપીસીમાં વકફ સુધારા ખરડો મંજૂર

વકફ કાયદાના સુધારા ખરડાની ચર્ચા-વિચારણા માટે ગઠિત સંયુક્ત સંસદીય સમિતિ, જેપીસીના રિપોર્ટને બહુમતથી સ્વીકારવામાં આવ્યો છે. હવે જેપીસી રિપોર્ટ લોકસભા સચિવાલયને સોંપી દેશે અને આગામી બજેટસત્રમાં સંસદનાં બન્ને ગૃહમાં રજૂ કરવામાં આવશે. બજેટસત્રના બીજા તબક્કામાં જેપીસી દ્વારા સૂચવાયેલા ૧૫ સુધારા સાથે ખરડો પસાર કરવાનો પ્રયાસ થશે. જેપીસીના અંતિમ રિપોર્ટમાં ખરડામાં શાસક પક્ષના સભ્યો દ્વારા સૂચવવામાં આવેલા ૧૫ સુધારા સામેલ કરવામાં આવ્યા છે. વિપક્ષ દ્વારા સૂચવવામાં આવેલા સુધારા બહુમતથી નકારી કાઢવામાં આવ્યા છે. વિપક્ષી સભ્યોએ રિપોર્ટમાં ધાર્મિક બાબતમાં હસ્તક્ષેપ ગણાવી તેની વિરુદ્ધ મત નોંધાવ્યો હતો. ખરડામાં કરવામાં આવેલા ૧૫ સુધારામાં ચાર મહત્ત્વપૂર્ણ છે. આમાં સૌથી મોટું સંશોધન વકફ સંપત્તિનાં નિર્વારણમાં કલેક્ટર ભૂમિકાને સીમિત કરવાનું છે. ઓગસ્ટમાં ખરડો રજૂ કરતી વખતે વિપક્ષે કલેક્ટરને વધુ સત્તા આપવા બાબત સવાલ કર્યા હતા. જેપીસીના રિપોર્ટમાં કલેક્ટરનાં સ્થાને કમિશનર કે સચિવ જેવા વરિષ્ઠ અધિકારીને રાખવાનો પ્રસ્તાવ છે, જેની નિયુક્તિ રાજ્ય સરકાર કરશે. આ સાથે જ વકફ કાયદાને અગાઉની તારીખથી લાગુ નહીં કરવાની ભલામણ કરી છે. શરત એવી છે કે, જમીન સરકારી ન હોય અથવા પહેલેથી કોઈ વિવાદ ન ચાલી રહ્યો હોય. રિપોર્ટમાં મુસ્લિમ સમાજથી સંકળાયેલાં રજિસ્ટર્ડ મોટાં ટ્રસ્ટને પણ વકફ કાયદાથી બહાર રાખવામાં આવ્યાં છે અને વકફ બોર્ડમાં મુસ્લિમ વિદ્વાનને સ્થાન આપવામાં આવ્યું છે. આ રિપોર્ટમાં પસમંદા અર્થાત્ પછાત મુસલમાનો, ગરીબો, મહિલાઓ અને યતીમોને પહેલીવાર વકફના લાભાર્થીઓમાં સામેલ કરવામાં આવ્યા છે. સમિતિ દ્વારા મંજૂર સુધારામાં વિપક્ષી સભ્યોની ચિંતા પણ દૂર કરાઈ છે. ખરડો કાયદાનું રૂપ લીધા પછી વકફ બોર્ડની કામગીરી પારદર્શી અને પ્રભાવી રીતે થઈ શકે તે માટે મદદ મળશે. ગત ઓગસ્ટનાં ચોમાસુસત્રમાં ખરડો રજૂ થયો ત્યારથી જ વિપક્ષ સુધારા ખરડાનો વિરોધ કરે છે. જેપીસીની બેઠક દરમિયાન પણ આ વિરોધ જોવા મળ્યો હતો. તૃણમૂલ કોંગ્રેસ સાંસદ કલ્યાણ બેનરજી પર બેઠક દરમિયાન બાટલી ફોડવા અને ખુદને ઘાયલ કરવાની સાથે સ્પીકર જગદંબિકા પાલ અને તેમના પર અપશબ્દ આપવા સુધીનો આક્ષેપ કર્યો હતો. વિપક્ષી સભ્યોએ વકફ બોર્ડમાં ગેરમુસ્લિમોને સામેલ કરવાને બંધારણના અનુચ્છેદ ૨૬માં મુસ્લિમોને મળેલી ધાર્મિક સ્વતંત્રતાનું ઉલ્લંઘન જણાવ્યું છે. શાસક પક્ષના સભ્યોએ વિપક્ષના સભ્યો દ્વારા સૂચવાયેલા સુધારા નકારવાને ઉચિત ઠરાવીને વકફ સંશોધન કાયદાની મૂળ ભાવનાને બચાવવાનો પ્રયાસ ગણાવ્યો છે. જો કે, વકફ સુધારા ખરડાને પસાર કરાવવા માટે સરકારને બન્ને ગૃહોમાં સાધારણ બહુમતની આવશ્યકતા પડશે, પણ એનડીએના સહયોગી પક્ષોની એકતાથી પસાર કરવામાં કોઈ સમસ્યા આવે એમ જણાતું નથી.

### *અમરેલી લેટરકાંડમાં સૌથી મોટું અપડેટ*

# સૌરાષ્ટ્ર ભાજપના દિગ્ગજ નેતાનું નામ આવતા સીધો CMને લખ્યો પત્ર

પ્રતિનિધિ દ્વારા

અમરેલી

અમરેલી લેટર કાંડને લઈને સૌથી મહત્વના સમાચાર સામે આવ્યો છે.

પોતાનું નામ ઉછળતા ભાજપના નેતા દિલીપ સંઘાણીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે જેમાં અમરેલી લેટર કાંડની હાઈકોર્ટનાં નિવૃત જજની અધ્યક્ષતામાં તપાસ કરવા નેતાએ માંગ કરી છે. તેમણે કહ્યું કે, આ બાબત અત્યંત ગંભીર બાબત કહી શકાય.

અમરેલી પોલીસે પોતાની જાતે, પોલીસના કોઈ ઉચ્ચ અધિકારી અથવા તો કોઈ રાજકીય પદાધિકારીના કહેવાથી આ કાર્યવાહી કરેલ હોઈ શકે તેમ મારું માનવુ છે.

અમરેલીના તાજેતરના બનાવ અંગે ઈલેક્ટ્રોનિક્સ તથા પ્રિન્ટ મીડીયાના અહેવાલથી મને જાણ થયેલ કે અમરેલી તાલુકા પંચાયત ના પ્રમુખ કીશોરભાઈ કાનપરીયા દ્વારા પોલીસમાં ફરિયાદ દાખલ કરેલ તેમાં અમરેલી પોલીસ દ્વારા અમરેલી તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ મનિષભાઈ વઘાશીયા, એક મહિલા સહીત કુલ ૪ વ્યક્તિની ધરપકડ કરેલ હતી અને જયારે તેઓ પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે તેઓને માર મારી કિશોરભાઈ કાનપરીયાના કહેવાતા આ પત્ર લખાવવા માટે મારુ તથા અન્ય ભાજપા આગેવાનના નામ આપવા દબાણ કરેલ તેવી હકીકત મનિષભાઈ વઘાશીયાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવેલ. જે મેં મીડિયાના માધ્યમથી જોયેલ. જે અત્યંત ગંભીર બાબત કહી શકાય. અમરેલી પોલીસે પોતાની જાતે, પોલીસના કોઈ ઉચ્ચ અધિકારી અથવા તો કોઈ રાજકીય પદાધિકારીના કહેવાથી આ કાર્યવાહી કરેલ હોઈ શકે તેમ મારુ માનવુ છે.

વધુમાં, કોઈ સામાન્ય વ્યક્તિના ઈશારે પોલીસ આ પ્રકારનું કૃત્ય ન જ કરે. આ કેસમાં કહેવાતા સાચા કે ખોટા પત્ર સાથે મારે કોઈ લેવા દેવા નથી.

આ બાબતે સત્યતા બહાર લાવવા મારે હું પોતે નાર્કો ટેસ્ટ કરવા તૈયાર છું, તેમજ ફરિયાદી અને આ કેસ સાથે જોડાયેલા અન્ય ૨-૪ વ્યક્તિના પણ નાર્કો ટેસ્ટ થવા જોઈએ જેથી વાસ્તવિક હકીકત સુધી પહોંચવામાં સરળતા રહે. સરકાર પોલીસની ગેરકાયદેસર રાત્રે મહિલાની ધરપકડ છાવરે છે તે હકીકત ખોટી છે.

સરકાર સત્ય બહાર લાવવા તમામ પ્રકારની કાનૂની કાર્યવાહી કરાવી રહે છે તે હકીકતની લોકો ને પ્રતીતિ કરાવવી જરૂરી છે જે ગંભીરતાને જોતા આ કેસની તપાસ હાઈકોર્ટના સીટીંગ અથવા નિવૃત્ત જજ દ્વારા તપાસ કરવામાં આવે તેવી મારી માંગણી છે.

અમરેલી લેટરકાંડ મુદ્દે પૂર્વ યુવા પ્રમુખ મનીષ વઘાસીયા, અશોક માંગરોળીયા, જીતુ ખાત્રા દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી જેમાં પૂર્વ હોદેદાર મનીષ વઘાસીયાએ કહ્યું કે, પોલીસે મને મારી માર્યો રિકન્સ્ટ્રક્શનમાં કૌશીક વેંકરીયાના પી.એ સહિતની હાજરી હતી. મને પોલીસે પૂછપરછ કરી માર મારવામાં આવ્યો હતા જેમાં દિલીપભાઈ સંઘાણી, મુકેશભાઈ સંઘાણી,નારણભાઈ કાછડીયા હતા? બધા પાછળ છે કે કેમ પાયલ ગોટીએ ડીજીપીમાં ફરિયાદ કરી છે કેમ પગલાં લીધા નથી જે સામેલ છે તે લોકોને સસ્પેન્ડ કરવા જોઈએ.

# દક્ષિણ ભારતની ઈન્ડસ્ટ્રીમાં પણ કાસ્ટિંગ કાઉચ : ફાતિમા સના શેખ

મુંબઈ

ફાતિમા સના શેખે એક બાળ કલાકાર તરીકે ઈન્ડસ્ટ્રીમાં કેરિઅરની શરૂઆત કરી છે. આજે પણ કમલ હસનની 'ચાચી ૪૨૦'માં તેના રોલને યાદ કરવામાં આવે છે. બોલિવૂડ અને સાઉથ બંને ઈન્ડસ્ટ્રીમાં કામ કરનારી ફાતિમા સના શેખે સાઉથની ગ્લેમર ઈન્ડસ્ટ્રીની પોલ ખોલી છે. બોલિવૂડની જેમ સાઉથમાં પણ કાસ્ટિંગ કાઉચના કિસ્સા બનતાં હોવાનું ફાતિમા સના શેખે કહ્યું છે.તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તેણે પોતાને થયેલા કાસ્ટિંગ કાઉચના અનુભવ વિશે તેમજ કઈ રીતે તેમને પોતાની આવકમાંથી કેટલોક ભાગ તેમના નામ કાસ્ટિંગ કંપનીને સજેસ્ટ કરતા લોકોને આપવા પડે છે, તેની પણ વાત કરી હતી.

ફાતિમાએ કહ્યું, ''અમારા નામની ચર્ચા હોય એટલે અમને ઓડિશન માટે બોલાવાયા હોય, તેમ છતાં કાસ્ટિંગ ડાયરેક્ટર અમને રેફરન્સના નામ લખવાનું કહે છે. તેનો અર્થ એવો કે તમારે એ લોકોને તમારા પેમેન્ટનો ૧૫ ટકા ભાગ આપવાનો છે. તમે તેમને ઓળખતા ન હોય તેમ છતાં તમારે એમને ફી આપવી પડે છે.''જોકે, તેણે સ્પષ્ટતા કરી હતી કે જાણીતા કે, મોટા કાસ્ટિંગ ડિરેક્ટર્સ આવું કરતાં નથી. તેણે કહ્યું, ''જાણીતા કાસ્ટિંગ ડિરેક્ટર્સ આવું કરતાં નથી, ખોટા લોકો જ આવું કરે છે. સ્વાભાવિક છે, મુકેશ છાબરા અને અનમોલ આહુજા આવું નહીં કરે. પરંતુ કેટલાંક એવા હલકાં લોકો હોય છે જે યુવાન કલાકારોનો ગેરલાભ ઉઠાવે છે,''ફાતિમાએ સાઉથની ઈન્ડસ્ટ્રીમાં થયેલા કાસ્ટિંગ કાઉચના અનુભવ વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું, ''એણે મને પૂછ્યું, ''તો તું બધું જ કરવા તૈયાર છે, બરાબર?'' મેં તેને કહ્યું, હું બહુ મહેનત કરીશ અને મારા રોલ માટે જે પણ જરૂરી હશે તે કરીશ, પણ એણે આવી વાત કરવાની ચાલુ જ રાખી અને મેં મૂર્ખ હોવાનો ડોળ કર્યો કારણ કે મારે જોવું હતું કે તે કેટલો નીચે ઉતરી શકે છે.''

### *ચીનને મળ્યો બીજો મોટો ફટકો*

# પનામા ટ્રમ્પના દબાણમાં આવીને મેગા પ્રોજેક્ટમાંથી પીછેહઠ કરી

એજન્સી દ્વારા

બિજિંગ

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકી રાષ્ટ્રપતિ બન્યા બાદ દુનિયા ઉતાર-ચઢાવનું સાક્ષી છે. અમેરિકાએ ચીન , કેનેડા અને મેક્સિકો જેવા દેશો પર ભારે ટેરિફ લાદી. હવે પનામા કેનાલને લઈને ચીનને મોટો ઝટકો આપવામાં આવ્યો છે.

ટ્રમ્પના દબાણ હેઠળ, પનામાનિયાના પ્રમુખ જોસ રાઉલ મુલિનોએ કહ્યું કે તેઓ ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવનું નવીકરણ કરશે નહીં.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો રવિવારે પનામા પહોંચ્યા હતા, જ્યાં તેમણે પનામાના રાષ્ટ્રપતિ રાઉલ મુલિનો સાથે પનામા કેનાલ પર ચર્ચા કરી હતી. આ દરમિયાન રુબિયોએ કહ્યું કે પનામા કેનાલ પર ચીનની હાજરી અને પ્રભાવ ઘટાડવા માટે પનામાને તાત્કાલિક ફેરફારોની જરૂર છે, નહીં તો અમેરિકા તેના અધિકારીઓની સુરક્ષા માટે જરૂરી પગલાં લેશે. હવે પનામાના રાષ્ટ્રપતિ મુલિનો પણ આ અંગે આગળ આવ્યા છે.પ્રમુખ રાઉલ મુલિનોએ કહ્યું કે પનામા ચીન સાથેના બેલ્ટ એન્ડ રોડ કરારની સમીક્ષા કરશે નહીં અને કહ્યું કે આ કરાર સમય પહેલા સમાપ્ત થઈ શકે છે. વર્ષ ૨૦૧૭માં ચીન અને પનામા વચ્ચે એક કરાર થયો હતો.

પનામા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સહિત નવા રોકાણો પર યુએસ સાથે કામ કરવા માંગે છે.

મુલિનોએ કહ્યું કે તેઓ માને છે કે રૂબિયોની મુલાકાત નવા સંબંધો બાંધવાના દરવાજા ખોલશે. પનામામાં શક્ય તેટલું અમેરિકન રોકાણ વધારવાનો પ્રયાસ કરશે. મુલિનોની ટિપ્પણીઓ બાદ, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે રુબિયોએ પનામાના રાષ્ટ્રપતિને કહ્યું હતું કે પનામા કેનાલ પર ચીનના ''નિયંત્રણ'' વિશે ચિંતાનો અર્થ એ થઈ શકે છે કે સંધિ અનુસાર, યુ.એસ. નહેરની તટસ્થતા અને કામગીરી માટેનો તેનો લાંબા સમયથી દાવો ગુમાવશે અમારા અધિકારોના રક્ષણ માટે લેવા પડશે.

યુએસએ ૧૯૭૭ની સંધિ હેઠળ પનામાના નિયંત્રણમાં નહેર પાછી આપી હતી. આ કરાર મુજબ, જો આંતરિક સંઘર્ષ અથવા કોઈ વિદેશી શક્તિ દ્વારા નહેરનું સંચાલન ખોરવાય તો યુએસ લશ્કરી દખલ કરી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર અને જાહેરમાં યુનાઈટેડ સ્ટેટ્સ માટે આ ચાવીરૂપ જળમાર્ગ પર ફરીથી નિયંત્રણ મેળવવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

# અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં આવેલ ૪૫ વર્ષ જૂની સોસાયટીના રિડેવલપમેન્ટને હાઈકોર્ટની મંજૂરી

પ્રતિનિધિ દ્વારા
અમદાવાદ

અમદાવાદમાં ઘણી જૂની સોસાયટીઓનું રિડેવલપમેન્ટ થઈ રહ્યો છે પરંતુ ઘણી વખત સોસાયટીના સભ્યો દ્વારા આ રિડેવલપમેન્ટના કામમાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ કરવામાં આવતો હોય છે.



નિયમ પ્રમાણે સોસાયટીના ૭૫ ટકા સભ્યો સંમત હોય તો રિડેવલપમેન્ટને મંજૂરી મળે છે. પરંતુ ઘણાં કિસ્સામાં તો એકાદ-બે સભ્યો દ્વારા પણ વાંધો ઉઠાવવામાં આવતો હોય છે અને આખો મામલો કોર્ટમાં પહોંચે છે. ગુજરાત હાઈકોર્ટમાં આવા ઘણા કેસ આવતા રહે છે. હાલમાં જ ગુજરાત હાઈકોર્ટે પાલડીના ફતેહપુરા વિસ્તારમાં આવેલા ૪૫ વર્ષ જૂના એપાર્ટમેન્ટના રિડેવલપમેન્ટ કેસનો ચૂકાદો આપ્યો છે. ફતેહ એપાર્ટમેન્ટના ૧૨ સભ્યોમાંથી એક સભ્ય દ્વારા રિડેવલપમેન્ટ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો પરંતુ ગુજરાત હાઈકોર્ટે તે સભ્યનો વાંધો ફગાવી દીધો હતો અને તેને ફ્લેટ ખાલી કરવાનો આદેશ આપ્યો હતો.

વાંધો ઉઠાવનારા ફ્લેટ ઓનરે હાઈકોર્ટમાં અરજી કરીને દાવો કર્યો હતો કે સોસાયટીએ રિડેવલપમેન્ટની પ્રક્રિયાનું યોગ્ય રીતે પાલન કર્યું નથી. રિડેવલપમેન્ટ માટેની પ્રથમ એન્યુઅલ જનલર મીટિંગમાં ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે શરૂઆતમાં ત્રણ ઓફર્સ વિશે જે ચર્ચા કરવામાં આવી હતી તે સિવાયના બિલ્ડરને રિડેવલપમેન્ટનું કામ સોંપવામાં આવ્યું છે.

આમ રિડેવલપમેન્ટની પ્રક્રિયાનું યોગ્ય રીતે પાલન નથી થયું અને તેમાં કોઈ પારદર્શિતા જોવા મળી નથી. જોકે, હાઈકોર્ટે ફ્લેટ માલિકના દાવાને ફગાવી દીધો હતો.

આ કેસમાં આનંદ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી દ્વારા હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. જેનું પ્રતિનિધિત્વ તેના ચેરમેન સજનીલ શેઠ અને સેક્રેટરી બિજલ શેઠ તથા સભ્ય તરીકે મનન જેસલપરા કરી રહ્યા હતા. મનન જેસલપરાએ સોસાયટીની રિડેવલપમેન્ટની પ્રક્રિયામાં ભાગ લેવાનો ઈનકાર કર્યો હતો અને તેની સામે વાંધો ઉઠાવ્યો હતો. ફતેહપુરમાં અંકુર સ્કૂલ પાસે આવેલી આ સોસાયટીનું રજિસ્ટ્રેશન ૨૧ માર્ચ ૧૯૮૦ના રોજ થયું હતું અને તેનો કુલ એરીયા ૮૪૨.૫૦ ચોરસ મીટર થાય છે. આ એપાર્ટમેન્ટ બિલ્ડિંગ 'સી' ફતેહ એપાર્ટમેન્ટ્સ તરીકે ઓળખાય છે અને આ બિલ્ડિંગમાં ૧૨ રેસિડેન્શિયલ ૨બીએચકે એપાર્ટમેન્ટ છે.

સોસાયટીએ દલીલ કરી હતી કે બિલ્ડિંગ જર્જરીત થઈ ગઈ હતી જેના કારણે તેમાં રહેવું ભયજનક બની ગયું હતું. બિલ્ડિંગના બે સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ રિપોર્ટ્સ પણ કરાવવામાં આવ્યા હતા અને તેમાં પણ સામે આવ્યું હતું કે બિલ્ડિંગમાં રહેવું જોખમી છે. એટલું જ નહીં ગત વર્ષે ૨૭ ફેબ્રુઆરીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા પણ આ બિલ્ડિંગને નોટિસ ફટકારવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે, બિલ્ડિંગ જર્જરિત થઈ ગઈ હોવાથી તેનું રિપેરિંગ કરાવવામાં આવે અથવા તો યોગ્ય પગલા લેવામાં આવે.

સોસાયટીએ તે પણ જણાવ્યું હતું કે, અસમંત ફ્લેટ ઓનર શરૂઆતમાં રિડેવલપમેન્ટ કમિટીનો ભાગ હતો પરંતુ બાદમાં તેણે પોતાનો સપોર્ટ પાછો ખેંચી લીધો હતો અને કમિટીમાંથી નીકળી ગયા હતા. સોસાયટીના રિડેવલપમેન્ટ માટે એક મુખ્ય જરૂરીયાત નજીકના ૧૪૦ ચોરસ મીટરના પ્લોટને ખરીદવાની હતી. આ પ્લોટમાં હાલમાં સોસાયટીના સભ્યો તેમના વાહન પાર્ક કરે છે. આ જમીન ખરીદવાથી ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (FSI) વધી જશે અને મોટા ૩બીએચકે ફ્લેટ માટે પાર્કિંગની પૂરતી જગ્યા અને કોમન એરિયામાં વધારો થશે.

જોકે, સોસાયટીની દલીલો સામે જેસલપરાના વકીલે દલીલ કરી હતી કે ૧૯ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ પ્રથમ છચ્ચ યોજવામાં આવી હતી અને તેમાં સોસાયટીના રિડેવલપમેન્ટ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ ચર્ચા દરમિયાન જેસલપરા સહિત ફક્ત સાત સભ્યો જ હાજર રહ્યા હતા અને તેમણે ચોક્કસ ઓફર્સ અને પ્રપોઝલ્સ માટે સંમતિ આપી હતી.

આ મીટિંગમાં વધારાનો પ્લોટ ખરીદવાની તથા બિલ્ડરની પસંદગી અંગે કોઈ જ ચર્ચા થઈ નહતી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે રિડેવલપમેન્ટ એગ્રીમેન્ટ અને ત્યારબાદ સેલ ડીડમાં કોઈ ટ્રાન્સપરન્સી જોવા મળી ન હતી અને તેમને ટાઈટલ ક્લિયરન્સ માટે વાંધા મંગાવવા માટે જાહેર નોટિસ આપવામાં આવી ન હતી.

# ગુજરાતમાં એફોર્ડેબલ હાઉસિંગની કટોકટી વધી રહી છે : રિપોર્ટ

પ્રતિનિધિ દ્વારા
અમદાવાદ

અમદાવાદને એફોર્ડેબલ હાઉસિંગ માર્કેટ કહેવામાં આવતું હતું પરંતુ હવે અમદાવાદ સહિત ગુજરાતમાં એફોર્ડેબલ હાઉસિંગની કટોકટી વધી રહી છે. હાલમાં રિયલ એસ્ટેટ સેક્ટર એફોર્ડેબલ હાઉસિંગની કટોકટીનો સામનો કરી રહ્યું છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં એફોર્ડેબલ હાઉસિંગમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. તેવામાં લોકો માટે ઘર ખરીદવું ગજા બહારનું બની રહ્યું છે. મોંઘવારીએ લોકોની કમર તોડી નાંખી છે તેવામાં એફોર્ડેબલ હાઉસિંગનો ઘટી રહેલા હિસ્સાના કારણે લોકો માટે ઘરનું ઘર ખરીદવું પહોંચની બહાર થઈ રહ્યું છે. તેમાં પણ અમદાવાદમાં આ ઘટાડો ઘણો તીવ્ર છે.

૨૦૧૮માં એફોર્ડેબલ હાઉસિંગનો પુરવઠો ૫૪ ટકા હતો પરંતુ ૨૦૨૪માં આ પુરવઠો ઘટીને ૨૪ ટકા પર આવી ગયો છે એટલે કે લગભગ અડધો થઈ ગયો છે.

અહેવાલ પ્રમાણે બિલ્ડર્સ સરકારને વિનંતી કરી રહ્યા છે કે તે આ મુદ્દા પર ધ્યાન આપે. બિલ્ડર્સ વિનંતી કરી રહ્યા છે કે સરકાર હોમ બાયર્સ માટેના GSTમાં ઘટાડો કરે અને બિલ્ડર્સના ઈનકમ ટેક્સ બેનિફિટમાં વધારો કરે તથા આ સેગ્મેન્ટમાં હોમ બાયર્સ માટે PMAY યોજનાની ૨.૬૫ લાખ રૂપિયાની સબસિડી ફરીથી શરૂ કરે. નેશનલ રિયલ એસ્ટેટ ફર્મ એનારોકના જણાવ્યા પ્રમાણે પૂણે, કોલકાતા, ચેન્નાઈ અને NCR જેવા શહેરોમાં ૨૦૧૮-૨૦૧૯માં એફોર્ડેબલ હાઉસિંગનો પુરવઠો ૪૦ ટકાની આસપાસ હતો. જ્યારે હવે રાષ્ટ્રીય સ્તરે આ ટકાવારી ઘટીને ફક્ત ૧૬ ટકા થઈ ગઈ છે.

બિલ્ડર્સનું કહેવું છે કે ઈનપુટ કોસ્ટ વધી ગઈ છે જેમાં જમીન, મજૂરી અને મટિરિયલ્સના ભાવમાં વધારો થયો છે. જેના કારણે એફોર્ડેબલ હાઉસિંગના બાંધકામમાં ઘટાડો થઈ રહ્યો છે. ઈનપુટ કોસ્ટ વધવાના કારણે પ્રોફિટ માર્જિનમાં ઘટાડો થયો છે અને નાણાકીય લાભો પણ ઘટ્યા છે જેના કારણે હવે બિલ્ડર્સ એફોર્ડેબલ હાઉસિંગથી દૂર થઈ રહ્યા છે.

બિલ્ડર્સ હવે પોતાનું ફોકસ વધુ પ્રોફિટેબલ યુનિટ્સ તરફ કરી રહ્યા છે. તેઓ આકર્ષક લાઈફસ્ટાઈલ એમિનિટિઝ સાથેના રેસિડેન્શિયલ પ્રોજેક્ટ્સ પર ધ્યાન આપી રહ્યા છે.

આ સેગમેન્ટમાં કોલકાતા અને સ્સ્ઈમાં જ મોટી એક્ટિવિટી ચાલી રહી છે જ્યાં પુરવઠામાં ૩૧ ટકા હિસ્સો એફોર્ડેબલ હાઉસિંગનો છે. જેની કિંમત ૪૦ લાખ રૂપિયા કરતાં ઓછી છે. ૨૦૨૪ અને જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં બેંગલુરૂમાં એફોર્ડેબલ હાઉસિંગનો કોઈ પુરવઠો નથી. જ્યારે ચેન્નાઈ અને હૈદરાબાદમાં એફોર્ડેબલ હાઉસિંગનો પુરવઠો ફક્ત બે ટકા જ છે.

અનુજ પુરીનું માનવું છે કે, કિંમતોમાં થયેલા વધારાના કારણે લક્ઝરી હાઉસિંગમાં ઘટાડો થયો છે તેથી એફોર્ડેબલ હાઉસિંગ સેગમેન્ટને ફરીથી બેઠું કરી શકાય છે.

અમદાવાદના બિલ્ડર્સે પણ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને આ કટોકટીનો સામનો કરવા માટે સૂચનો પણ કર્યા છે.

આ સમસ્યાનું સમાધાન ઝડપથી લાવવું પડશે. અમદાવાદ સહિત મેટ્રો શહેરો માટે ૯૦ લાખ રૂપિયા સુધીના મકાનો માટે GST પાંચ ટકાથી ઘટાડીને એક ટકા કરવો જોઈએ. આ ઉપરાંત PMAY યોજનાને ફરીથી શરૂ કરવી જોઈએ.

કેન્દ્ર સરકાર ઘર ખરીદનારાઓ માટે GST એક ટકા કરી શકે છે અને એફોર્ડેબલ હાઉસિંગ બનાવતા બિલ્ડર્સને ઈનકમ ટેક્સ લાભો આપી શકે છે જેના કારણે લોકોને રાહત મળશે.

આ ઉપરાંત રાજ્ય સરકાર તેને પ્રોત્સાહન આપવા માટે સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો અને ૪૫ મીટર (૧૪ માળ) સુધી મફત FSI ઓફર કરવાનું વિચારી શકે છે.

અમદાવાદને દેશના એફોર્ડેબલ હાઉસિંગ માર્કેટમાં ગણવામાં આવે છે પરંતુ નેશનલ હાઉસિંગ બેંક (NHB) રેસિડેક્સના સપ્ટેમ્બર ક્વાર્ટરના ડેટા મુજબ, દેશના અન્ય શહરોની સરખામણીએ અમદાવાદ અને ગાંધીગનરમાં વર્ષ ૨૦૧૭-૧૮થી લઈને અત્યાર સુધીમાં મકાનોના ભાવ સૌથી વધુ વધ્યા છે.

રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ પ્રોપટાઈગર મુજબ ડિસેમ્બર ક્વાર્ટરમાં દેશના આઠ મોટા શહેરો- અમદાવાદ, બેંગલુરુ, ચેન્નઈ, હૈદરાબાદ, કોલકાતા, દિલ્હી-એનસીઆર, મુંબઈ મેટ્રોપોલિટન રિજન અને પુણેમાં મકાનોના વેચાણમાં ૨૬ ટકાનો ઘટાડો નોંધાયો છે.

પ્રોપટાઈગર મુજબ, વર્ષ ૨૦૧૭-૧૮થી લઈને અત્યાર સુધીના સમયગાળામાં ગાંધીનગરનો હાઉસિંગ પ્રોપર્ટી ઈન્ડેક્સ (HPI) ૧૦૦ના બેઝથી ઉછળીને ૨૩૩ને સ્પર્શી ગયો છે, જ્યારે અમદાવાદનો ૨૧૦એ પહોંચી ગયો છે.

જેની સામે દેશના અન્ય શહેરો મકાનોના ભાવ વધવાની દ્રષ્ટિએ ઘણા પાછળ છે. આ બે શહેરોમાં છેલ્લા સાતથી આઠ વર્ષમાં મકાનોના ભાવ ડબલ કરતા વધારે થઈ ગયા છે.

# અમદાવાદના માર્કેટમાં ફળોના રાજા કેરીનું જલદી આગમાન થયું

અમદાવાદ

ગુજરાતમાં કેરીના રસિયાઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. હવે ઉનાળાનું મનપસંદ ફળ અમદાવાદ શહેરમાં પણ જલદી આવી ગયું છે. છેલ્લા કેટલાક દિવસોથી આશરે પાંચ ટન, રત્નાગીરીથી કેસર અને કેરળની આલ્ફાન્સો કેરી અમદાવાદના માર્કેટમાં આવી રહી છે. આથી કરીને હવે ઉનાળાના આગમન પહેલા જ કેરીના રસિયાઓ આ ફળનો સ્વાદ માણી શકશે.સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વર્ષની કેરીની સિઝન લાંબી અને જોરદાર આવક સાથે રહેવાની ધારણા છે. આ સમાચારમાં ઉમેરો કરતા આ સ્વાદિષ્ટ ફળના ભાવ ગત વર્ષ કરતા નીચા રહેવાની સંભાવના છે.એટલે કે આ વર્ષે લોકોને કેરીનો ચસકો તો લાગશે પરંતુ એની પ્રાઈઝ પણ ઓછી રહેશે. કેરીનું વેચાણ કરતા માર્કેટના વેપારીઓને પણ બમણો નફો થવાની ધારણા કરવામાં આવી રહી છે.“વિવિધ ભાગોમાં કેરીનું વહેલું આગમન થઈ રહ્યું છે. તેથી, અમે અમદાવાદના માર્કેટમાં દરરોજ લગભગ પાંચ ટન આવતા જોઈ રહ્યા છીએ.’’ વેપારીઓ કહે છે કે તમામ કેરી ઉત્પાદક રાજ્યોમાં બમ્પર લણણી થવાની સંભાવના છે, જેના કારણે ભાવ પણ સમગ્ર સિઝન દરમિયાન નીચા રહી શકે છે.’’રોહરાએ જાન્યુઆરીમાં કેરીની આવકને તદ્દન અસામાન્ય ગણાવી હતી. “સામાન્ય રીતે જાન્યુઆરીમાં, શહેરના બજારોમાં આવતી કેરીની સંખ્યા ઓછી હોય છે, પરંતુ આ વર્ષે પરિસ્થિતિ થોડીક અલગ છે. રત્નાગીરી અને કેરળમાંથી સારો સ્ટોક આવી રહ્યો છે. ૧૫ ફેબ્રુઆરી પછી રત્નાગીરીથી આવતા સ્ટોકમાં હજુ પણ વધારો થવાની ધારણા છે.એક અગ્રણી વેપારીએ જણાવ્યું હતું કે, “આ વર્ષે જાન્યુઆરી મહિનાથી જ સારી ગુણવત્તાની કેરી આવશે અને સમગ્ર સિઝન દરમિયાન સ્ટોક આવતો જ રહેશે. આ સિઝનમાં માર્કેટની અંદર આવી રહેલી કેરીનો સ્વાદ પણ ઘણો સારો છે. હવે કેરીની માગ પણ બજારમાં સારી એવી જોવા મળશે એવી અમે આશા રાખીએ છીએ.

# યુવતીના પ્રેમી સાથેના અંગત પળોના ફોટા વાયરલ કરનારા યુવક સામે ફરિયાદ

અમદાવાદ

અમદાવાદ શહેરનાં બાપુનગર વિસ્તારમાં રહેતી યુવતીએ યુવક સાથે સંબંધ રાખવાનો ઇનકાર કરી દીધો હતો. જેથી યુવકે યુવતીના ફોનમાંથી તેના પ્રેમી સાથેના અંગત પળોના ફોટા મેળવી લીધા હતા અને ત્યારબાદ ઈન્ટાગ્રામ પર મૂકી દઈ વાયરલ કરી દીધા હતા. આ મામલે યુવતીએ યુવક સામે ફરિયાદ નોંધાવી છે.

બાપુનગર વિસ્તારમાં ૧૯ વર્ષિય મોના (ઓળખ છૂપાવવા નામ બદલ્યું છે) પરિવાર સાથે રહે છે અને ગુજરાત યુનિ. ખાતે બીબીએમાં અભ્યાસ કરે છે. ૨૦૨૨માં મોના બાપુનગર ખાતે અભ્યાસ કરતી હતી ત્યારે ખુશી નામની મિત્ર બની હતી અને તે ફોનથી તેની સાથે વાતચીત કરતી હતી. અભ્યાસ પૂર્ણ થયા બાદ પણ ઈન્સ્ટાગ્રામ આઈડી સાથે એક ગ્રૂપમાં જોડાઇ હતી. જેમાં સ્કૂલના મોટા ભાગના મિત્રો મેમ્બર હતા. તે મિત્રો પૈકી એક મયંક નામનો યુવક હતો તેણે મોનાને રિકવેસ્ટ મોકલી હતી. જે મોનાએ સ્વીકારતા બન્ને એક બીજા સાથે મેસેજથી વાત કરતા હતા. થોડા સમય વાત કર્યા બાદ મયંકે જણાવ્યું હતું કે, મારું આખું નામ મયંક સુરેશભાઈ સાકરિયા છે અને રાજકોટમાં રહું છું. માર્ચ ૨૦૨૩માં ખુશીનો જન્મદિન હોવાથી મયંકે રૂબરૂ મળવાની વાત કરી હતી. પરંતુ તે દિવસે કોઈ કારણસર તે મયંકને મળી શકી ન હતી. ત્યારબાદ એપ્રિલ ૨૦૨૩માં મયંક અમદાવાદ આવ્યો હતો અને કેફેમાં ખુશીને મળવા બોલાવી હતી. જો કે, ખુશીએ ઇનકાર કરી દીધો હતો. જેથી મોનાનો તેણે સંપર્ક કર્યો હતો. બાદમાં મોના અને મયંક એક કાફેમાં મળવા ગયા હતા. ત્યારે મયંકે બર્થડેની એડવાન્સ ગિફ્ટ આપી હતી અને મોના પોતાના ઘરે પરત આવી ગઈ હતી. ત્યારબાદ મોના સંગીત શીખવા માટે ક્લાસીસમાં જતી હતી ત્યાં યમન નામના યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. તે સમયે યમને કેટલાક અંગત પળોના ફોટોગ્રાફ પાડ્યા હતા. જો કે, આ અંગે મયંકને જાણ થતા તેણે યમન સાથે સંપર્ક તોડી નાખવા જણાવ્યું હતું. આ ઉપરાંત મયંક મોનાને પ્રેમ કરતો હોવાનું જણાવ્યું હતું પરંતુ મોનાને મયંક સાથે પ્રેમસંબંધ રાખવો નહોતો. આ દરમિયાન મયંકે મોનાના મિત્રનો સંપર્ક કર્યો હતો અને રિવરફ્રન્ટ પર મોનાને મળ્યો હતો. ત્યારે મયંકે મોનાના ફોનમાં તેના તથા યમનના અંગત પળોના ફોટોગ્રાફ હતા તે મેળવી લીધા હતા. પછી મયંકે યમનનો નંબર માગ્યો હતો. જેથી મોનાએ તેનો નંબર આપ્યો હતો. પછી મયંક અવાર નવાર મોનાને સંબંધ રાખવા દબાણ કરતો હતો પરંતુ તેણે ઈનકાર કરી દીધો હતો. આ દરમિયાન મયંક મોનાને ફોટા વાયરલ કરવાની ધમકી આપતો હતો. જેથી આ અંગે મોનાએ માતા-પિતાને જાણ કરી હતી. જો કે, આ દરમિયાન યમનનું ફેક આઈડી બનાવી તેના પર મોના-યમનના અંગત ફોટા અપલોડ કરી દીધા હતા. ફોટા વાયરલ થયા અંગે જાણ થતા મોનાએ આ મામલે મયંક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## રાજસ્થાનની ગેંગના બે શખ્સો ઝડપાયા

# ભુજથી ૧૭ બેન્કોમાં નકલી ખાતાં ખોલાવ્યા અને કરી કરોડોની હેરાફેરી

ભુજ

ગુજરાતમાં સાયબર ક્રાઇમના ગુનામાં પશ્ચિમ કચ્છ LCB પોલીસ મોટી કાર્યવાહી કરી છે. જેમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે નકલી આધાર કાર્ડ, પાન કાર્ડ સહિતના ડોક્યુમેન્ટ રજૂ કરીને અલગ-અલગ ૧૭ બેંકોમાં ૫૫ જેટલાં એકાઉન્ટ ખોલાવીને ફ્રોડ આચરતાં રાજસ્થાનના બે યુવકોની ધરપકડ કરવામાં આવી છે.૧૦ રાજ્યમાંથી ૧૧થી વધુ ફરિયાદોમાં કરોડોના ળોડની સાયબર ફરિયાદ નોંધાઈ હતી, જેમાં આરોપી દ્વારા ખોલાયેલા બેંક ખાતાનું કનેક્શન સામે આવ્યું હતું. આરોપીઓ ઓનલાઈન જોબ, સાયબર અરેસ્ટ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ સહિતના કૌભાંડ આચરીને ગુનાહિત પ્રવૃતિને અંજામ આપતા હતા. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી. પોલીસની માહિતી મુજબ, કચ્છમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે બાતમી મળી હતી કે, ભુજના ભાનુશાલીનગરના હરિરત્ન એપાર્ટમેન્ટના એક ફ્લેટમાં ભાડેથી રહેતાં જોધપુરના શિશપાલ ઊર્ફે સુભાષ બાબુરામ ધનારામ બિશ્નોઈ (ઉં.વ.૩૫) અને ગોવિંદરામ ઊર્ફે ગોવર્ધનરામ મુશારામ કુલારામ બિશ્નોઈ (ઉં.વ.૩૧) નામના બે શખ્સો ખોટા આધાર પૂરાવા, મોબાઈલ નંબર સહિતના ડોક્યુમેન્ટથી બેંકમાં ખાતા ખોલાવીને ડોળ આચરતાં હતા.

પોલીસે દરોડા પાડીને બંને આરોપીને ઝડપી પાડીને પૂછપરછ કરતાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, ૧૦ રાજ્યોમાંથી સાયબર ક્રાઈમની ૧૧થી વધુ ફરિયાદોમાં આરોપીએ ખોલાયેલા ચાર જેટલાં બેંક ખાતાનું કનેક્શન મળી આવ્યું હતું. જ્યારે આરોપીને વિવિધ બેંકોમાં ખાતા ખોલાવી આપનારા બેંક અધિકારીઓ પર શંકા હોવાથી વધુ પૂછપરછ કરાશે.

સમગ્ર ઘટના મામલે પોલીસે આરોપી પાસેથી એક લેપટોપ, ૧ પેન ડ્રાઈવ, ૮ મોબાઈલ ફોન, ૧૬ આધાર કાર્ડ, ૧૩ પાન કાર્ડ, ૪૨ ડેબિટ કાર્ડ, ૨૬ પાસબૂક, ૪૭ ચેકબૂક, ૧ ઉદ્યમ પ્રમાણપત્ર, ૨ બોગસ વીજ બિલ, ૨ મકાનના બોગસ નોટરાઈઝ્ડ ભાડાં કરારની કોપી, ૩ દુકાનની પાર્ટનરશીપ અંગેના બોગસ દસ્તાવેજો, વિવિધ બેંક ખાતાની વિગતો લખેલી ૨ ડાયરી સહિતના ડોક્યુમેન્ટ જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી. કચ્છ પશ્ચિમ એસપી વિકાસ સુંડાએ જણાવ્યું હતું કે, ‘ભુજ ક્રાઈમ બ્રાન્ચ પોલીસને બાતમી મળી હતી કે, ભુજમાં રહેતા બે શખ્સો પાસે મોટી સંખ્યામાં આધાર કાર્ડ, પાન કાર્ડ, ઉદ્યમ કાર્ડ, વિવિધ બેંકની ચેક બુક, પાસબુક સહિતના ડોક્યુમેન્ટ છે.

આ પછી અમારી ટીમ દ્વારા સ્થળ પર દરોડા પાડીને બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે.’

# ગાંધીનગર ખાતે ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં GCASની રીવ્યુ બેઠક યોજાઈ

ગાંધીનગર

રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે GCASની રીવ્યુ બેઠક યોજી હતી જેમાં રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ બેઠકમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ સચિવ સુ.શ્રી સુનયના તોમર, ઉચ્ચ શિક્ષણ કમિશનર દિનેશ ગુરવ સહિત ૧૧ સરકારી યુનિવર્સિટીઝના વાઈસ ચાન્સેલર્સ અને તેમના પ્રતિનિધીઓ અને વિદ્યાર્થી સંગઠનના પ્રતિનિધી ઉપસ્થિત રહ્યાં હતા.ગત વર્ષે રાજ્ય સરકાર દ્વારા સરકારી યુનિવર્સિટીઝ થકી કૉલેજમાં એડમિશન માટે GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસ) પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલમાં કેટલીક ત્રુટિઓમાં સુધારો કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે વધુ સુગમ અને સરળ બનાવવા અને રાજ્યના એકપણ વિદ્યાર્થીને એડમિશન પ્રક્રિયામાં અગવડ ન પડે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સૂચના આપી હતી જેના પગલે વિભાગ દ્વારા ગત વર્ષ પડેલી કેટલીક અગવડ તેમજ નવીન સુધારા સાથેનું પોર્ટલ કાર્યાન્વિત કરાયું છે. વધુમાં આ નવીન સુધારાઓને પબ્લીક ડોમેનમાં પણ મૂકવામાં આવ્યા હતા. જેમાં મોટાભાગના સુધારાઓને વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી આવકારવામાં આવ્યા હતા. પબ્લીક તરફથી મળેલ જરૂરી સૂચનોને પણ આ નવીન પોર્ટલમાં સમાવેશ કરવામાં આવ્યા છે.આ વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશપ્રક્રિયા માટે સાયબર કેફે કે અન્ય સ્થળે ફોર્મ ભરવા જવું પડે નહીં તે માટે દરેક યુનિવર્સિટિઝ અને કૉલેજ ખાતે ફ્રી ફોર્મ ફિલિંગ સેન્ટર કાર્યરત કરવામાં આવશે.

વધુમાં GCAS દ્વારા યુનિવર્સિટીઝને ૧૫ દિવસનો સમય આપીને પોત-પોતાની જરૂરિયાત મુજબ એડમિશન રાઉન્ડ ચલાવવા માટેની પરવાનગી આપવી અથવા GCAS દ્વારા શિડ્યુલ આપવાની વિચારણા પણ આ બેઠકમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા રજીસ્ટ્રેશનના વેરિફિકેશન માટે દરેક કૉલેજ અને યુનિવર્સિટીઝ માં અધ્યાપકો કે કર્મચારીઓને માનદેય આપીને સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL